ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળઃ ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 74 ■ અંક : 11 ■ તારીખ : 5, સપ્ટેમ્બર, 2026 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and Ahmedabad Unaccountable L1 on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

ભારતને ઈનોવેશનનું વૈશ્વિક હબ બનાવવા સ્પેસ સ્ટાર્ટઅપ્સને PMશ્રી મોદીની હાકલ

વિશ્વભરના લોકો કારકિર્દી માટે ભારત આવે તેવી પ્રતિભા ઊભી કરવી જોઈએઃ શ્રી નરેન્દ્રભાઈ મોદી

નવી દિલ્હી : વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અવકાશ સંશોધન માટે એવું અનુકૂળ વાતાવરણ અને પ્રતિષ્ઠા ઊભી કરવા પર ભાર મૂક્યો છે કે વિશ્વભરના લોકોને એવું લાગે કે જો તેમને સ્પેસ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી હોય તો તેમણે ભારત આવવું જોઈએ. વડાપ્રધાનશ્રી મોદીએ સ્પેસ સાહસ ચાલુ કરવા માટે ભારતની સ્પર્ધાત્મકતા પર પણ ભાર મૂક્યો હતો.

દેશના 20 સ્પેસ સ્ટાર્ટઅપ્સના CEO અને સ્થાપકો સાથેની મુલાકાત દરમિયાન વડાપ્રધાને જણાવ્યું હતું કે ભારત પાસે વિશાળ પ્રતિભા અને જોખમ લેવાની ઊંચી ક્ષમતા છે. આ બંને શક્તિઓના કારણે ભારત ઝડપથી વૈશ્વિક સ્પેસ સેક્ટરમાં અગ્રણી સ્થાન બનાવી શકે છે. હવે વિશ્વએ ભારતીય સ્ટાર્ટઅપ્સ તરફ જોવું જોઈએ અને વિચારવું જોઈએ કે આ ક્ષેત્રમાં આગેવાની કોણ કરી રહ્યું છે, કારણ કે કોઈ મોટી સફળતા અથવા ઈનોવેશન થાય છે ત્યારે લોકોનું ધ્યાન તરત જ તે તરફ જાય છે.

એક CEOએ વડાપ્રધાનને જણાવ્યું હતું કે ભારતે અવકાશ ક્ષેત્રને ખાનગી કંપનીઓ



માટે ખોલ્યું ત્યારથી ખૂબ જ સકારાત્મક વલણ જોવા મળ્યું છે. અમેરિકા અને યુરોપમાં રહેતા ઘણા ભારતીયો હવે પાછા આવીને ભારતમાં કામ કરવા ઈચ્છે છે. તેના જવાબમાં શ્રી મોદીએ કહ્યું હતું કે આપણે ઘણા લોકોને જોડવાની જરૂર છે. વિદેશ ગયેલા લોકો હવે પાછા આવી રહ્યા છે. મારું માનવું છે કે આપણે એવું વાતાવરણ ઊભું કરવું જોઈએ કે વિશ્વભરના લોકોને લાગે કે જો તેમને કેરિયર બનાવવું હોય તો તેમણે ભારત આવવું જોઈએ.

વિશ્વના વિવિધ દેશોના પ્રતિભાશાળી લોકો ભારતના સ્ટાર્ટઅપ્સ અને ભારતની સ્પેસ એજન્સીઓ સાથે જોડાવા માટે ઉત્સુક બનવા જોઈએ. મને પૂરો વિશ્વાસ છે કે તમારી મદદથી આપણે સમગ્ર વૈશ્વિક પ્રતિભાને ચુંબકની જેમ આકર્ષી શકીશું.

ટેકનોલોજી આધારિત ધિરાણને પ્રોત્સાહન વિષય આધારિત ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન અને NCUI યોજિત વેબિનાર


બદલાતા નાણાકીય પરિદશ્યમાં ક્રેડિટ સોસાયટીઓએ આધુનિક ટેકનોલોજી, પ્રોફેશનલ મેનેજમેન્ટ અને સશક્ત નેતૃત્વ અપનાવવું જરૂરી : શ્રી ઘનશ્યામભાઈ અમીન

નવી દિલ્હીઃ ટેકનોલોજીના અસરકારક ઉપયોગથી સહકારી ધિરાણ ક્ષેત્રને વધુ કાર્યક્ષમ, પારદર્શક, સભ્યકેન્દ્રિત, સ્પર્ધાત્મક અને મજબૂત બનાવવાના મહત્વપૂર્ણ ઉદ્દેશથી નેશનલ કો-ઓપરેટિવ ઓફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હી (NCUI) અને ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.અમદાવાદના સંયુક્ત ઉપક્રમે "ટેકનોલોજી સક્ષમ ધિરાણ : ધિરાણ ટેકનોલોજીને સમજવું" વિષય પર તા. 17 ઓગસ્ટ, 2026ના રોજ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓના 100થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ધિરાણ વિતરણને વધુ અસરકારક બનાવવા, આંતરિક નિયંત્રણો મજબૂત કરવા, જોખમ વ્યવસ્થાપન સુધારવા તેમજ સભ્યકેન્દ્રિત સેવાઓને વધુ સુદૃઢ બનાવવા ટેકનોલોજીના વધતા મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

મુખ્ય અતિથિ સ્થાનેથી ગુજરાત રાજ્ય સહકારી સંઘ અને ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.ના ચેરમેન તથા NCUIની જનરલ કાઉન્સિલના સભ્ય શ્રી ઘનશ્યામભાઈ એચ. અમીને પ્રતિનિધિઓને સંબોધતા જણાવ્યું હતું કે, સહકારી પ્રવૃત્તિ વિશ્વના 118 કરતાં વધુ દેશોમાં ચાલી રહી છે અને નાના તથા





મધ્યમ વર્ગના આર્થિક ઉપાર્જનમાં શ્રેષ્ઠ સાધન તરીકે પૂરવાર થઈ છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)એ વિશ્વમાં વિવિધ દેશના ટકાઉ આર્થિક વિકાસમાં સહકારી મોડેલના મહત્વને સ્વીકારી 2025ના વર્ષને 'કૉ-ઓપરેટિવ્સ બિલ્ડ ધ બેટર વર્લ્ડ' વિષયવસ્તુ રાખી આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે ઉજવ્યું હતું. આમ યુનો માને છે કે, વિશ્વને સારું બનાવવું હશે તો તે સહકારથી થશે. તેજ રીતે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સમૃદ્ધિ અને આત્મનિર્ભરતા લાવવા 'સહકારથી સમૃદ્ધિ'નું સૂત્ર આપ્યું છે. એટલે તેઓ પણ માને છે કે, સહકારી પ્રવૃત્તિથી રાષ્ટ્ર સમૃદ્ધ બની શકશે. આથી 75 વર્ષ પછી દેશમાં સહકાર મંત્રાલયની રચના કરી તેની જવાબદારી સહકારના જાણકાર શ્રી અમિતભાઈ શાહને સોંપી છે. સહકારથી સમૃદ્ધિના વિઝનને સાકાર કરવા ગૃહ અને પ્રથમ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ સહકાર મંત્રાલયે સહકારી પ્રવૃતિમાં જે ખામીઓ હતી ત્રૂટીઓ હતી તે દૂર કરી રહ્યાં છે. પરિણામે સહકારી ક્ષેત્રમાં મહત્વનું પરિવર્તન જોવા મળી રહ્યું છે.

કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓને સ્પર્ધાત્મક યુગમાં ટકી રહેવા તેમજ નાણાકીય ક્ષેત્રમાં પોતાની ભૂમિકા વધુ વિસ્તૃત કરવા માટે દેશની સફળ ક્રેડિટ સોસાયટીઓના ઉદાહરણ આપી સહકારી ક્રેડિટ સોસાયટીઓને અપીલ કરતાં શ્રી અમીને જણાવ્યું હતું કે, આજે બદલાતા માહોલમાં સ્મોલ ફાઈનાન્સ કરતી બેન્કો વધી રહી છે. ત્યારે ક્રેડિટ સોસાયટીઓની તેની સાથે સીધી સ્પર્ધા થઈ રહી છે. આથી ક્રેડિટ સોસાયટીઓએ સમયની માંગ પ્રમાણે આધુનિક ટેકનોલોજી અપનાવી, પ્રોફેશનલ મેનેજમેન્ટ અને સશક્ત નેતૃત્વ દ્વારા પોતાની ઓળખ ઊભી કરી વિકાસ કરવો પડશે.

NCUIના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી રાજીવ શર્માએ કાર્યક્રમની પૃષ્ઠભૂમિ રજૂ કરતાં રાષ્ટ્રીય સહકારી નીતિ-2025ની પ્રાસંગિકતા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે વધુ મજબૂત, વ્યવસાયિક, કાર્યક્ષમ અને ટેકનોલોજી આધારિત તેમજ ઊભા થઈ રહેલા આર્થિક અને નાણાકીય પડકારોનો અસરકારક રીતે સામનો કરી શકે એવી સહકારી સંસ્થાઓનું નિર્માણ કરવાની નીતિ પર ભાર મૂક્યો હતો.

વેબિનાર દરમિયાન કરવામાં આવેલી મુખ્ય રજૂઆતમાં પ્રતિનિધિઓને 'લેડિંગ ટેકનોલોજી સ્ટેક' અંગે વ્યવહારુ માહિતી આપવામાં આવી હતી. તેમાં ધિરાણ પ્રક્રિયાના વિવિધ તબક્કાઓમાં ટેકનોલોજી કેવી રીતે પરિવર્તન લાવી શકે તે સમજાવવામાં આવ્યું હતું. ચર્ચામાં કાર્યક્ષમતા વધારવા, આંતરિક નિયંત્રણોને મજબૂત બનાવવા, જોખમ વ્યવસ્થાપન સુધારવા તેમજ ઝડપી અને વધુ સભ્યકેન્દ્રિત સેવા પૂરી પાડવામાં ટેકનોલોજીની ભૂમિકા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓ માટે ટેકનોલોજી આધારિત ધિરાણ તરફ આગળ વધવું હવે વધુ મહત્વપૂર્ણ બની રહ્યું છે, કારણ કે સભ્યો વધુ ઝડપી, પારદર્શક અને સુવિધાજનક નાણાકીય સેવાઓની અપેક્ષા રાખે છે. ટેકનોલોજીની મદદથી સંસ્થાઓ પોતાની કામગીરીનું વધુ સારી રીતે નિરીક્ષણ કરી શકે છે, વિવિધ પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત બનાવી શકે છે અને નિર્ણય લેવાની પ્રક્રિયાને વધુ મજબૂત બનાવી શકે છે. સાથે સાથે તે કામગીરી સાથે સંકળાયેલા જોખમોને ઘટાડવામાં પણ મદદરૂપ બની શકે છે.

વેબિનારમાં પ્રતિનિધિઓને ધિરાણ વ્યવસ્થામાં ટેકનોલોજી અપનાવવાની તકો, પડકારો અને વ્યવહારુ પાસાઓ સમજવા માટે પરસ્પર સંવાદનું મંચ પૂરું

અનુસંધાન પાના નંબર : 2

મુંબઈમાં NUCFDCના નવા પરિસરનું કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે ઉદઘાટન

શહેરી સહકારી બેન્કિંગ ક્ષેત્રને આધુનિક, સુરક્ષિત અને ટેક્નોલોજી આધારિત બનાવવા 'સહકાર નવક્રાંતિ' મહત્વપૂર્ણ પગલું છે : શ્રી અમિતભાઈ શાહ

મુંબઈ : પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકાર સે સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવાની દિશામાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ શહેરી સહકારી બેન્કિંગ ક્ષેત્રને આધુનિક, પારદર્શક, સુરક્ષિત અને સ્પર્ધાત્મક બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. તા. 8 ઓગસ્ટ, 2026ના રોજ મુંબઈના ફોર્ટ વિસ્તારમાં



આવેલા શારદા સદન ખાતે નેશનલ અર્બન કો-ઓપરેટિવ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NUCFDC)ના નવા ઓફિસ પરિસરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે BSE ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે 'સહકાર નવક્રાંતિ' કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય અતિથિ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે શહેરી સહકારી બેંકો માટે સિક્યોરિટી ઓપરેશન્સ સેન્ટર (SOC) તેમજ દેશવ્યાપી સર્વિસ બંડલ હેઠળ કોર બેન્કિંગ અને સંલગ્ન સેવાઓનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે NUCFDC અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU) વચ્ચે સાયબર સુરક્ષા અને ડિજિટલ ફોરેન્સિક્સ ક્ષેત્રે સહયોગ માટેના કરાર (MoU)ની આપ-લે કરવામાં આવી હતી.

આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે, કેન્દ્રીય સહકાર રાજ્ય મંત્રી શ્રી કૃષ્ણ પાલ ગુર્જર, કેન્દ્રીય સહકાર અને નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી શ્રી મુરલીધર મોહોલ, મહારાષ્ટ્રના સહકાર મંત્રીશ્રી બાબાસાહેબ પાટીલ, મહારાષ્ટ્ર સરકારના મંત્રીઓ શ્રી જયકુમાર રાવલ અને શ્રી આશિષ શેલાર, સહકાર મંત્રાલયના સચિવ શ્રી આશિષ કુમાર ભૂટાણી, NUCFDCના ચેરમેન શ્રી જ્યોતિન્દ્રભાઈ મહેતા, વિવિધ રાજ્યોના અર્બન કો-ઓપરેટિવ બેંક ફેડરેશનના પ્રતિનિધિઓ તથા દેશભરની શહેરી સહકારી બેંકોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

'સહકાર નવક્રાંતિ' કાર્યક્રમને સંબોધતા શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે શહેરી સહકારી બેંકો માટે લાંબા સમયથી અપેક્ષિત અમ્બ્રેલા ઓર્ગેનાઇઝેશન હવે ભારતીય રિઝર્વ બેંકની માન્યતા, પૂરતી મૂડી અને પોતાની નવી ઓફિસ સાથે પાયાની વાસ્તવિકતા બની ગયું છે.

તેમણે જણાવ્યું કે કાર્યક્રમનું સ્થળ પણ ઐતિહાસિક મહત્વ ધરાવે છે. લગભગ 100 વર્ષ સુધી આ સ્થળ ભારતના શેરબજારના ધબકતા કેન્દ્ર તરીકે રહ્યું છે અને દેશના આર્થિક તથા ઔદ્યોગિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આજે એ જ ઐતિહાસિક સ્થળ શહેરી સહકારી બેન્કિંગ ક્ષેત્રમાં નવા પરિવર્તનનું સાક્ષી બની રહ્યું છે. અમ્બ્રેલા ઓર્ગેનાઇઝેશન શહેરી સહકારી બેંકોને ભારતીય રિઝર્વ બેંકના કમ્પ્લાયન્સ ધોરણોનું પાલન કરવા જરૂરી માર્ગદર્શન આપશે તેમજ ટેકનિકલ અને સંસ્થાકીય સહાય પૂરી પાડશે. બેન્કિંગ ક્ષેત્રમાં થતા નવા નિયમનકારી ફેરફારો અને સુધારાઓની માહિતી પણ બેંકો સુધી સમયસર પહોંચાડવામાં આવશે.

આ ઉપરાંત MuleHunter જેવા જરૂરી સોફ્ટવેર, આધુનિક ટેક્નોલોજીકલ સોલ્યુશન્સ, સાયબર સુરક્ષા વ્યવસ્થા તથા કર્મચારીઓ માટે તાલીમની સુવિધાઓ પણ અમ્બ્રેલા ઓર્ગેનાઇઝેશન મારફતે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આનાથી શહેરી સહકારી બેંકોમાં પારદર્શિતા વધશે અને જનતા તથા RBIનો વિશ્વાસ વધુ મજબૂત બનશે.

'Bank in a Box'થી નાની બેંકોને આધુનિક ટેક્નોલોજીના લાભ બાબતે શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે આજનો દિવસ શહેરી સહકારી બેન્કિંગ ક્ષેત્ર માટે ખાસ મહત્વનો છે, કારણ કે 'Bank in a Box' સેવા શરૂ કરવામાં આવી છે. આ પહેલ હેઠળ કોર બેન્કિંગ, ડિજિટલ પેમેન્ટ્સ, ક્લાઉડ સેવાઓ, રેગ્યુલેટરી કમ્પ્લાયન્સ અને અન્ય આધુનિક બેન્કિંગ સેવાઓ એકીકૃત પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થશે. આ વ્યવસ્થાથી એક નાની અથવા સિંગલ-બ્રાન્ચ ધરાવતી શહેરી સહકારી બેંક પણ ભારે ખર્ચ કર્યા વિના પોતાના ગ્રાહકોને આધુનિક અને વિશ્વસ્તરીય બેન્કિંગ સેવાઓ આપી શકશે. આ પહેલ નાની બેંકોને ટેક્નોલોજીથી સશક્ત બનાવશે અને તેમને સ્પર્ધાત્મક બેન્કિંગ ઇકોસિસ્ટમ સાથે જોડશે.

ઓનલાઈન બેન્કિંગના યુગમાં સાયબર સુરક્ષા અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે. શ્રી શાહે જણાવ્યું કે આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને NUCFDCને National Forensic Sciences University (NFSU) સાથે સહયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યું હતું. NFSUએ સાયબર સુરક્ષા અને ડિજિટલ ફોરેન્સિક્સ ક્ષેત્રે વૈશ્વિક સ્તરની નિપુણતા વિકસાવી છે. NUCFDC અને NFSU વચ્ચેના સહયોગથી શહેરી સહકારી બેંકો અને તેમના ગ્રાહકોની ડિજિટલ સુરક્ષા વધુ મજબૂત બનશે. આ સહયોગ હેઠળ સાયબર સુરક્ષા, ડિજિટલ ફોરેન્સિક્સ, કર્મચારીઓની તાલીમ અને સંશોધનની સુવિધાઓ દેશની નાનામાં નાની શહેરી સહકારી બેંક સુધી ઓછા ખર્ચે પહોંચાડવામાં આવશે.

શ્રી અમિતભાઈ શાહે દેશની તમામ શહેરી સહકારી બેંકોને NUCFDCના સભ્ય બનવા અપીલ કરી જણાવ્યું કે, કાર્યક્રમ દરમિયાન શરૂ કરવામાં આવેલ Security Operations Centre શહેરી સહકારી બેંકોને ચોવીસ કલાક સાયબર મોનિટરિંગ, તાત્કાલિક માર્ગદર્શન અને સુરક્ષા સહાય પૂરી પાડશે. બેંકો, ગ્રાહકો અને થાપણદારોને ડિજિટલ જોખમોથી સુરક્ષિત રાખવા માટે આ વ્યવસ્થા મહત્વપૂર્ણ બનશે. તેમણે સૂચન કર્યું કે સભ્યપદ ફી બેંકની શાખાઓની સંખ્યા સાથે જોડાયેલી હોવી જોઈએ, જેથી સિંગલ-બ્રાન્ચ ધરાવતી નાની બેંકો પણ સરળતાથી તેનો લાભ લઈ શકે. અમ્બ્રેલા ઓર્ગેનાઇઝેશનનો હેતુ નફો કમાવવાનો નથી, પરંતુ શહેરી સહકારી બેંકોને સુવ્યવસ્થિત, સક્ષમ, સુરક્ષિત અને સ્પર્ધાત્મક બનાવવાનો તેમજ જરૂરિયાતના સમયે તેમને સહાય કરવાનો છે.

નાના વેપારીઓ અને સ્વ-રોજગાર માટે UCBની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે

અનુસંધાન પાના નંબર : 2

છેવાડાના લોકો સુધી સરળતાથી ધિરાણ પહોંચાડવા બેન્કર્સને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું આહવાન

અમદાવાદ : ગાંધીનગરમાં સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટી(SLBC)ની 190મી બેઠક મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં મુખ્યમંત્રીએ બેન્કોને માત્ર નાણાકીય વ્યવહારો પૂરતી સીમિત ન રહેતા સમાજના છેવાડાના વર્ગો સુધી ધિરાણ અને બેન્કિંગ સેવાઓ પહોંચાડવા અનુરોધ કર્યો હતો.

ખાસ કરીને એમએસએમઈ, મહિલા ઉદ્યોગ સાહસિકો, ગ્રામીણ કારીગરો અને નાના ખેડૂતોને સરળતાથી લોન મળી રહે તે માટે બેન્કર્સને કામગીરી ઝડપી બનાવવા જણાવ્યું હતું.

સરકારી યોજનાઓ હેઠળ મળતી લોન અને અન્ય લાભ માટેની અરજીઓનો ઝડપથી નિકાલ કરી વધુમાં વધુ લોકોને યોજનાઓનો લાભ મળે તે જરૂરી હોવાનું



ગાંધીનગરમાં SLBCની 190મી બેઠક યોજાઈ

કહ્યું હતું. કેસીસીનો લાભ હજુ સુધી ન મેળવી શકેલા ખેડૂતોને ઝડપથી આવરી લેવા પણ તેમણે સૂચના આપી હતી. નવી ઉદ્યોગ નીતિ- 2026માં સ્ટાર્ટઅપ, મહિલા, એસસી/એસટી, દિવ્યાંગ અને પ્રથમ પેઢીના ઉદ્યોગ સાહસિકો માટે જાહેર કરાયેલી સહાયનો લાભ સમયસર મળે તે માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવા તેમણે જણાવ્યું હતું. મુખ્ય સચિવ એમ.કે. દાસે રાજ્યના વિકાસમાં બેન્કોના યોગદાનને બિરદાવ્યું હતું. સાથે જ સાયબર ફ્રોડ અને મ્યુલ એકાઉન્ટ સામે સતર્કતા વધારવા તથા નાના ગામડાઓમાં વધુ બેન્ક શાખાઓ ખોલવા સૂચન કર્યું હતું.

ધી ભાવનગર ડિસ્ટ્રિક્ટ.... પાના નં. 6નું અનુસંધાન

by the same amount. The misclassification distorts the presentation of the Balance Sheet.

2B (vi) Premium on AFS Government Securities amortised-incorrect accounting
Premium paid on purchase of Government Securities classified as Available-for-Sale (AFS) has been amortised by the Bank. Under the RBI Master Direction on Classification, Valuation and Operation of Investment Portfolio (Master Direction RBI/DOR/2023-24/104) and the prevailing extant directions applicable to DCCBs, premium on AFS securities is to be reflected as Cost of Acquisition, not amortised. Although there are no outstanding AFS securities as on 31 March 2026 and the impact on the closing Balance Sheet is therefore nil, the accounting policy is incorrect and IDR provisioning during the year would have been understated. The Bank is required to rectify its accounting policy prospectively.

2B (vii) Excess Interest Subvention Receivable which is not written off
Bank has shown total interest subvention for earlier years claim with Government, total amounting to Rs. 10,06,33,128/- which was due for reconciliation, which was not carried out till audit. During the course of audit, it was identified that out of this receivable amount, Rs.1,52,20,574/- is not receivable at all and requires to be written off. Bank has overstated their Other Assets to that extent and not provided for expenditure to that extent during the year.

2B (viii) Contribution towards Group Gratuity Fund accounted for as an Expenditure
During the year, the Bank paid an amount of Rs.4,50,00,000/- to Life Insurance Corporation of India over and above the regular annual premium, towards arrear contribution to the Group Gratuity Fund Scheme in respect of past unprovided liability. This payment represents a contribution to a defined benefit fund and ought to have been recognised as "Contribution to Gratuity Fund" - being a balance sheet item reducing the net unfunded liability - or adjusted against the provision for gratuity liability, as the case may be, in accordance with Accounting Standard 15 - Employee Benefits. Instead, the entire amount of Rs.4,50,00,000 has been debited to "Gratuity Expenditure" in the Profit & Loss Account, resulting in an overstatement of Gratuity Expenditure and a corresponding understatement of Net Profit by Rs.4,50,00,000 for the year ended 31 March 2026.

2B (ix) Incorrect Classification of ATM and Rupee Debit Card Charges as Sundry Receivables
Payments aggregating to Rs.51,96,331 (comprising Rs.13,91,925, Rs.27,54,406 and Rs.10,50,000) made by the Bank towards ATM and Rupee Debit card-related charges have been classified and carried under "Sundry Receivables" in Other Assets, instead of being recognised as expenditure and charged to the Profit & Loss Account. These payments represent revenue expenditure of the Bank. The incorrect classification as a receivable asset results in an overstatement of Other Assets by Rs.51,96,331 and a corresponding understatement of expenditure and overstatement of Net Profit by an equivalent amount for the year ended 31 March 2026.

2B (x) Misclassification of Micro ATM Machines as Other Assets and not recognizing as Fixed Assets of the Bank
During the year under audit, the Bank procured Micro ATM Machines at a total cost of Rs.1,23,36,900, against which a Grant of Rs.59,40,000 was received towards the said procurement. The net amount of Rs.63,96,900, representing the Bank's own contribution towards the cost of these assets, has been classified and carried under "Sundry Receivables" in Other Assets, instead of being capitalised as Fixed Assets in the Balance Sheet. The Micro ATM Machines, being tangible assets acquired for use in the conduct of banking operations and having a useful life extending beyond the current accounting period, are required to be recognised as Fixed Assets and depreciated over their useful life in accordance with Accounting Standards issued by the Institute of Chartered Accountants of India and applicable to the Bank by virtue of Section 29 of the Banking Regulation Act, 1949 (AACS). Further, the Grant received of Rs.59,40,000 is required to be accounted for in accordance with Accounting Standard, either by deduction from the gross value of the asset or by recognition as Deferred Grant Income, as appropriate. The failure to capitalise these assets and the incorrect classification of the net cost as a receivable results in: (a) an overstatement of Other Assets by Rs.63,96,900; (b) a corresponding understatement of Fixed Assets by Rs.63,96,900; and (c) non-provision of depreciation of Rs.12,96,802 resulted into overstatement Profits on the said assets for the year ended 31 March 2026.

Summary of Financial Impact of Para 2B:

Para No	Overstatement of Profit	Understatement of Profit	Understatement of NPA	Overstatement of Other Assets	Understatement of Fixed Assets	Understatement of Liabilities / Reserves	Overstatement of Liabilities
(i)	1,20,60,442		23,60,84,125				
(ii)	32,68,554		39,80,579				
(iii)	29,23,64,176					29,23,64,176	
(iv)	10,64,34,771					10,64,34,771	
(v)						47,37,950	47,37,950
(vi)							
(vii)	1,52,20,574			1,52,20,574			
(viii)		4,50,00,000					
(ix)	51,96,331			51,96,331			
(x)	12,96,802			63,96,900	63,96,900		
Total	**43,58,41,650**	**4,50,00,000**	**24,00,64,704**	**2,68,13,805**	**63,96,900**	**40,35,36,897**	**47,37,950**

3. Conclusion on the Nature of the Auditor's Opinion
The matters set out in paragraph 2 above are, in our judgment, both material and pervasive - they (i) are not confined to specific elements, accounts or items of the financial statements, (ii) if so confined, represent a substantial portion of the financial statements, and (iii) in relation to disclosures, are fundamental to users' understanding of the financial statements. The pervasive nature of the limitations on scope coupled with the known and unquantifiable misstatements has led us to the conclusion that the possible effects on the financial statements of undetected misstatements, if any, could be both material and pervasive. Accordingly, we are issuing a DISCLAIMER OF OPINION.

4. Other Information
The Bank's Board of Directors is responsible for the other information. The other information comprises the Directors' Report, and Disclosures & Notes Forming part of Financial Statements and the
Annexures thereto but does not include the financial statements and our auditor's report thereon. We do not express any form of assurance conclusion on the other information. In connection with our audit of the financial statements, our responsibility is to read the other information when it becomes available and, in doing so, consider whether the other information is materially inconsistent with the financial statements or our knowledge obtained in the audit, or otherwise appears to be materially misstated. As we have not been able to express an opinion on the financial statements, we will not be in a position to report on the correctness of other information.

5. Responsibilities of Management and Those Charged with Governance for the Financial Statements
The Bank's management is responsible with respect to the preparation of these financial statements that give a true and fair view of the financial position and financial performance of the Bank in accordance with the accounting principles generally accepted in India, including the Accounting Standards issued by ICAI, and provisions of Section 29 of the Banking Regulation Act, 1949 (as applicable to co-operative societies) and circulars and guidelines issued by the Reserve Bank of India ('RBI'), NABARD from time to time. This responsibility also includes maintenance of adequate accounting records in accordance with the provisions of the Act for safeguarding of the assets of the Bank and for preventing and detecting frauds and other irregularities; selection and application of appropriate accounting policies; making judgments and estimates that are reasonable and prudent; and design, implementation and maintenance of adequate internal financial controls, that were operating effectively for ensuring the accuracy and completeness of the accounting records, relevant to the preparation and presentation of the financial statements that give a true and fair view and are free from material misstatement, whether due to fraud or error.
In preparing the financial statements, management is responsible for assessing the Bank's ability to continue as a going concern, disclosing, as applicable, matters related to going concern and using the going concern basis of accounting unless management either intends to liquidate the Bank or to cease operations, or has no realistic alternative but to do so. The Board of Directors are also responsible for overseeing the Bank's financial reporting process.
Those Charged with Governance are responsible for overseeing the Bank's financial reporting process.

6. Auditor's Responsibilities for the Audit of the Financial Statements
Our objectives are to obtain reasonable assurance about whether the financial statements as a whole are free from material misstatement, whether due to fraud or error, and to issue an auditor's report that includes our opinion. Reasonable assurance is a high level of assurance, but is not a guarantee that an audit conducted in accordance with Standard on Auditing (SA) issued by ICAI will always detect a material misstatement when it exists. Misstatements can arise from fraud or error and are considered material if, individually or in the aggregate, they could reasonably be expected to influence the economic decisions of users taken on the basis of these financial statements.
As part of an audit in accordance with SAS, we exercise professional judgment and maintain professional skepticism throughout the audit. We also:

a) Identify and assess the risks of material misstatement of the financial statements, whether due to fraud or error, design and perform audit procedures responsive to those risks, and obtain audit evidence that is sufficient and appropriate to provide a basis for our opinion. The risk of not detecting a material misstatement resulting from fraud is higher than for one resulting from error, as fraud may involve collusion, forgery, intentional omissions, misrepresentations, or the override of internal control.
b) Obtain an understanding of internal control relevant to the audit in order to design audit procedures that are appropriate in the circumstances.
c) Evaluate the appropriateness of accounting policies used and the reasonableness of accounting estimates and related disclosures made by management.
d) Conclude on the appropriateness of management's use of the going concern basis of accounting and based on the audit evidence obtained, whether a material uncertainty exists related to events or conditions that may cast significant doubt on the bank's ability to continue as a going concern. If we conclude that a material uncertainty exists, we are required to draw attention in our auditor's report to the related disclosures in the financial statements or if such disclosures are inadequate, to modify our opinion. Our conclusions are based on the audit evidence obtained up to the date of our audit report. However, future events or conditions may cause the bank to cease to continue as a going concern.
e) Evaluate the overall presentation, structure, and content of the financial statements, including the disclosures, and whether the financial statements represent the underlying transactions and events in a manner that achieves fair presentation.
Materiality is the magnitude of the misstatements in the financial statements that, individually or in aggregate, makes it probable that the economic decisions of a reasonably knowledgeable user of the financial statements may be influenced. We consider quantitative materiality and qualitative factors in (i) planning of the scope of our audit work and evaluating the results of our work; and (ii) to evaluate the effect of any identified misstatement in the financial statements.
We communicate with those charged with governance regarding, among other matters, the planned scope and timing of the audit, significant audit findings, including any significant deficiencies in internal control that we identify during our audit, Auditor's Responsibilities Relating to Fraud in an Audit of Financial Statements, Consideration of Laws and Regulations in an Audit of Financial Statements & Communication regarding Non-Compliance with Laws and Regulations dated 16.06.2026. These communications are intended to (a) enable them to discharge their oversight responsibilities, (b) inform them of significant matters arising from the audit that are relevant to their responsibilities, (c) ensure that the Statutory Auditors and they have a shared understanding of the matters affecting the financial reporting process and the form and content of the Auditor's Report, and (d) facilitate appropriate corrective action by Management.
We also provide those charged with governance with a statement that we have complied with relevant ethical requirements regarding independence, and to communicate with them all relationships and other matters that may reasonably be thought to bear on our independence, and where applicable, related safeguards.
From the matters communicated with those charged with governance, we determine those matters that were of most significance in the audit of the financial statements of the current period and are therefore the part of our Disclaimer of Opinion. We describe these matters in our auditor's report under our Opinion Part. We determine that contents should not be communicated in our report because the adverse consequences of doing so would reasonably be expected to outweigh the public interest benefits of such communication.

7. Report on Other Legal and Regulatory Requirements
Subject to the limitations of scope described in the Basis for Disclaimer of Opinion section, we report that:

1. The Balance Sheet and the Profit and Loss Account have been draw up in accordance with in Form "A" and "B" respectively of Third Schedule to the Banking regulation Act, 1949 (as applicable to Co-operative Societies).
2. We have sought all the information and explanations which, to the best of our knowledge and belief, were necessary for the purpose of our audit.
3. In our opinion, proper books of account as required by law have not been so kept by the Bank, so far as it appears from our examination of those books, given (a) the unreliable state of the CBS post the March 2026 cyber incident, (b) the wrong accounting treatments, and (c) the non- compliance with various Accounting Standards.
4. The Balance Sheet, Profit & Loss Account and Cash Flow Statement dealt with by this Report are in agreement with the books of account maintained for the purpose of preparation of the financial statements.
5. In our opinion, owing to the matters set out in the Basis for Disclaimer of Opinion section, the aforesaid financial statements do not comply with the Accounting Standards issued by the Institute of Chartered Accountants of India to the extent applicable to the Bank.
6. As required by Section 30(3) of the Banking Regulation Act, 1949 (As Applicable to Co-operative Societies), we further report that -

(a) the transactions of the Bank which have come to our notice have, except as set out in the Basis for Disclaimer of Opinion, been within the powers of the Bank;
(b) the Bank operates in a Centralised CBS environment and the Financial Statements are prepared from CBS-generated consolidated General Ledger report; no separate physical returns are received from the branches.
(c) the profit and loss account shows a profit which, in our opinion, is overstated as per para 2 above; and
(d) our comments and suggestions on matters arising out of our audit are set out in our Long Form Audit Report (LFAR) being submitted separately to the Bank, NABARD and RBI.

For B J Patel & J L Shah
Chartered Accountants
Firm Registration No: 104148
CA Viral Shah - Partner
M. No. 108349
UDIN 261083491BKMKZ2231

Place: Bhavnagar
Date: 27 June 2026

શહેરી સહકારી બેન્કિંગ... પાના નં. 1નું અનુસંધાન

ઉલ્લેખ કરતાં શ્રી શાહે જણાવ્યું કે, દેશભરમાં આશરે 1,400 શહેરી સહકારી બેંકોમાં લગભગ રૂ. 6 લાખ કરોડની થાપણો છે. આ બેંકો રાષ્ટ્રીય વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, કારણ કે તેઓ નાના દુકાનદારો, વેપારીઓ, કુટીર ઉદ્યોગો, MSMEs, સ્થાનિક સાહસિકો, મહિલા સ્વસહાય જૂથો અને મધ્યમ વર્ગને નાની લોન સરળતાથી ઉપલબ્ધ કરાવે છે. મોટા વ્યાપારી બેંકોની સરખામણીએ શહેરી સહકારી બેંકો આ વર્ગો સુધી વધુ નિકટતા અને સંવેદનશીલતા સાથે પહોંચી શકે છે. સ્થાનિક સ્તરે કાર્યરત શહેરી સહકારી બેંકો રોજગાર અને સ્વ-રોજગારમાં જોડાયેલા લોકોની નાણાકીય જરૂરિયાતો પૂરી કરવામાં મહત્વપૂર્ણ સાધન બની શકે છે.

શહેરી સહકારી બેંકના ચેરમેન તરીકેના પોતાના અનુભવનો ઉલ્લેખ કરતાં શ્રી શાહે જણાવ્યું કે સામાન્ય રીતે નાની લોનના કિસ્સામાં ચુકવણીનું પ્રમાણ મજબૂત હોય છે અને નાના તથા મધ્યમ આવક ધરાવતા ઉધાર લેનારાઓ પોતાની નાણાકીય જવાબદારીઓ પ્રત્યે ખૂબ જ ગંભીર હોય છે.

સહકારની મૂળભૂત શક્તિ અંગે શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે ભારતમાં સ્વ-રોજગારની તકો ઊભી કરવામાં સહકારી સંસ્થાઓની મોટી ભૂમિકા છે. મોટું સાહસ ઊભું કરવા માટે એક વ્યક્તિ પાસે જ મોટી મૂડી હોવી જરૂરી નથી. સહકારી માળખું નાના લોકોના નાના યોગદાનને એકત્ર કરીને મોટી મૂડી અને મોટા વ્યવસાયનું નિર્માણ કરી શકે છે. જેમ કે અમૂલ, IFFCO, KRIBHCO અને લિજ્જત પાપડ જેવા સફળ સહકારી સંસ્થાઓની સફળતા કોઈ એક મોટા રોકાણકારના રોકાણનું પરિણામ નથી, પરંતુ લાખો સભ્યોની સામૂહિક ભાગીદારીનું પરિણામ છે. અમૂલનું ટર્નઓવર આજે આશરે રૂ. 1.25 લાખ કરોડ છે અને લગભગ 33 લાખ મહિલાઓ તેની સાથે જોડાયેલી છે. આ સહકારી મોડલની સામૂહિક આર્થિક શક્તિનું ઉત્તમ ઉદાહરણ છે.

NUCFDC મારફતે ટેક્નોલોજીનો સામૂહિક ઉપયોગ કરવા અંગે શ્રી શાહે જણાવ્યું કે અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન શહેરી સહકારી બેંકોને ડિજિટલ બેન્કિંગ, રિયલ-ટાઈમ પેમેન્ટ્સ, સાયબર અને ડેટા સિક્યોરિટી, AI આધારિત ફ્રોડ પ્રિવેન્શન સિસ્ટમ્સ તથા આધુનિક બેન્કિંગ માટે જરૂરી નિયમનકારી ધોરણોના પાલનમાં સહાય કરશે. મહારાષ્ટ્રમાં દેશમાં સૌથી વધુ 449 શહેરી સહકારી બેંકો કાર્યરત છે. મહારાષ્ટ્ર, ગુજરાત, ગોવા અને કર્ણાટક મળીને દેશની શહેરી સહકારી બેન્કિંગ વ્યવસ્થામાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને NUCFDCનું મુખ્યાલય દિલ્હીથી મહારાષ્ટ્રમાં ખસેડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું કે જો દેશની તમામ 1,400 શહેરી સહકારી બેંકો પોતાની રીતે સોફ્ટવેર, સાયબર સિક્યોરિટી, પેમેન્ટ સિસ્ટમ્સ અને ટેક્નોલોજીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખરીદે અને જાળવે તો ખર્ચ ઘણો વધી જાય. અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશન તમામ બેંકો વતી સામૂહિક ખરીદી અને કરારો કરીને આ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરી શકશે.

CBSથી AI આધારિત સુરક્ષા સુધી અનેક સેવાઓ બાબતે શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે અમ્બ્રેલા ફ્રેમવર્કના વિકાસ સાથે Sahakar CBS, શેરડ પેમેન્ટ સેવાઓ, Loan Origination System, Sahakar Cloud અને Security Operations Centre જેવી સેવાઓને એકસાથે આગળ વધારવામાં આવશે. આ ઉપરાંત MuleHunter અને અન્ય AI આધારિત સિસ્ટમ્સ, ગ્રૂપ સાયબર ઈન્શ્યોરન્સ, NFSUના સહયોગથી ડિજિટલ ફોરેન્સિક ક્ષમતાઓનો વિસ્તાર, આધાર આધારિત સેવાઓ, રેગ્યુલેટરી કમ્પ્લાયન્સનું ઓટોમેશન અને આધુનિક રિસ્ક મેનેજમેન્ટ માળખું વિકસાવવામાં આવશે. આ તમામ પહેલો શહેરી સહકારી બેંકોને વધુ સુરક્ષિત, સક્ષમ, પારદર્શક અને સ્પર્ધાત્મક બનાવવામાં મદદરૂપ થશે.

UCB ક્ષેત્ર માટે છેલ્લા પાંચ વર્ષમાં અનેક મહત્વપૂર્ણ સુધારાનો ઉલ્લેખ કરતાં શ્રી શાહે જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન સરકાર અને ભારતીય રિઝર્વ બેંક વચ્ચેના સંવાદ અને વિશ્વાસના આધારે શહેરી સહકારી બેંકોને લગતા અનેક મુદ્દાઓનો ઉકેલ લાવવામાં આવ્યો છે. આ સુધારાઓમાં બેંકોને અલગ પરવાનગી વિના 15 ટકા સુધી વધારાની શાખાઓ ખોલવાની મંજૂરી, ડોરસ્ટેપ બેન્કિંગ, પાત્ર ટાયર-3 બેંકો માટે શિડ્યુલ્ડ બેંક સ્ટેટસની પ્રક્રિયામાં સરળતા, RBIમાં નોડલ ઓફિસરની વ્યવસ્થા, પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગના લક્ષ્યાંકમાં ફેરફાર, હાઉસિંગ લોન મર્યાદામાં વધારો તથા One-Time Settlement (OTS) સુવિધાનો વિસ્તાર જેવા પગલાંનો સમાવેશ થાય છે. NPA સંબંધિત જોગવાઈઓના પાલન માટે શહેરી સહકારી બેંકોને તબક્કાવાર 'ગ્લાઈડ પથ' આપવામાં આવ્યો છે, જેથી બેંકો પર એક જ વર્ષમાં મોટો નાણાકીય બોજ ન આવે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે શહેરી સહકારી બેંકો, સ્ટેટ કો-ઓપરેટિવ બેંકો અને ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકોને 'Member Lending Institutions'નો દરજ્જો આપવામાં આવ્યો છે. આનાથી 85 ટકા સુધીનું રિસ્ક કવરેજ અને કોલેટરલ-ફ્રી લોન જેવી સુવિધાઓ ઉપલબ્ધ થવામાં મદદ મળશે. સહકારી મંડળીઓ માટે પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગ મર્યાદા રૂ. 5 લાખથી વધારીને રૂ. 10 કરોડ કરવામાં આવી છે. આ સુધારાઓ શહેરી સહકારી બેંકોને નાણાકીય પહોંચ વધારવા અને ગ્રાહકોને વધુ સારી ક્રેડિટ સુવિધાઓ પૂરી પાડવા સક્ષમ બનાવશે. દેશભરના અર્બન કો-ઓપરેટિવ બેંક ફેડરેશનના અધ્યક્ષો અને હોદ્દેદારોને આગામી એક વર્ષમાં 100 ટકા શહેરી સહકારી બેંકોને NUCFDCના નેટવર્કમાં જોડવાની જવાબદારી લેવા આહ્વાન કરતાં શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે, દેશની તમામ 1,400 શહેરી સહકારી બેંકોએ અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશનના સભ્ય બનવું જોઈએ. બેંકોએ પારદર્શિતા વધારવી, આધુનિક ટેક્નોલોજી અપનાવવી, સ્ટાફને તાલીમ આપવી અને ગ્રાહકોને આધુનિક બેન્કિંગ સેવાઓ પૂરી પાડવી જરૂરી છે. હાલમાં આશરે 650 શહેરી સહકારી બેંકો NUCFDCની સભ્ય બની ચૂકી છે, એટલે કે સભ્યપદ લગભગ 50 ટકા સુધી પહોંચ્યું છે. તેમણે NUCFDCને નાની અને સિંગલ-બ્રાન્ચ બેંકો માટે સભ્યપદ ફી વધુ પરવડે તેવી બનાવવાની પણ અપેક્ષા વ્યક્ત કરી.

'સહકાર સે સમૃદ્ધિ'નો સાચો અર્થ સમજાવતાં શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2047 સુધીમાં ભારતને વિશ્વમાં સમૃદ્ધિના શિખરે પહોંચાડવાનું અને દરેક ક્ષેત્રમાં અગ્રેસર બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. ભારતને સમૃદ્ધ બનાવવા માટે દરેક ભારતીયને સમૃદ્ધ બનાવવો જરૂરી છે અને આ માટે મજબૂત સ્વ-રોજગાર વ્યવસ્થા ઊભી કરવી પડશે. શહેરી સહકારી બેંકો નાના વેપારીઓ, સાહસિકો અને સ્વ-રોજગારમાં જોડાયેલા લોકોને નાણાકીય સહાય પૂરી પાડીને આ વ્યવસ્થાને મજબૂત બનાવી શકે છે. 'સહકાર સે સમૃદ્ધિ'નો અર્થ માત્ર બેંકોને સમૃદ્ધ કરવાનો નથી; બેંકો સાથે તેમના ગ્રાહકોની સમૃદ્ધિ સુનિશ્ચિત કરવી તેનો સાચો આત્મા છે. ગ્રાહક અને બેંક બંનેની સમૃદ્ધિ જ સહકારની સાચી સફળતા છે.

શ્રી અમિતભાઈ શાહે અમ્બ્રેલા ઓર્ગેનાઈઝેશનના સ્વપ્નને સાકાર કરવામાં દેશભરની શહેરી સહકારી બેંકોના ચેરમેન અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યોના યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

ઓગસ્ટ ક્રાંતિના ઐતિહાસિક દિવસે NUCFDCના નવી ઓફિસ પરિસરમાં પ્રવેશને ઐતિહાસિક ગણાવતા તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ સ્થળેથી 'સહકાર સે સમૃદ્ધિ'ની ક્રાંતિને નવી ગતિ મળશે અને શહેરી સહકારી બેંકો દેશના નાના શહેરો તથા નગરો માટે વિકાસ અને સમૃદ્ધિનું શક્તિશાળી વાહન બનશે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે ભારતીય રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી જી. પી. મિશ્રી દ્વારા લખાયેલ પુસ્તક 'Operational Risk Management – A Practical Guide to Urban Co-operative Banking'નું વિમોચન કર્યું હતું. આ ઉપરાંત ભારતમાં સહકારી બેન્કિંગની ઐતિહાસિક યાત્રા પર આધારિત કોફી-ટેબલ બુકનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

શ્રી અમિતભાઈ શાહે Sahakar CBS સાથે સફળતાપૂર્વક જોડાયેલી પ્રથમ છ શહેરી સહકારી બેંકોના પ્રતિનિધિઓનું સન્માન પણ કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ શહેરી સહકારી બેન્કિંગ ક્ષેત્રમાં ટેક્નોલોજી, સાયબર સુરક્ષા, સંસ્થાકીય ક્ષમતા અને સહકારી એકતાના નવા યુગની શરૂઆત તરીકે નોંધપાત્ર બન્યો છે. NUCFDCના માધ્યમથી દેશની નાનામાં નાની શહેરી સહકારી બેંકને આધુનિક ટેક્નોલોજી અને સુરક્ષિત બેન્કિંગ સેવાઓ પરવડે તેવા ખર્ચે ઉપલબ્ધ કરાવવાનો સંકલ્પ 'સહકાર સે સમૃદ્ધિ'ના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

બદલાતા નાણાકીય પરિદૃશ્યમાં... પાના નં. 1નું અનુસંધાન

પાડવામાં આવ્યું હતું. આ ચર્ચા દ્વારા સહકારી ધિરાણ મંડળીઓના પ્રતિનિધિઓએ તેમની હાલની વ્યવસ્થામાં ડિજિટલ સાધનોને કેવી રીતે એકીકૃત કરવા અને સંસ્થાકીય મજબૂતીકરણને કેવી રીતે વેગ આપી શકાય તે અંગે વિચારવિમર્શ કર્યો હતો.

આ સમગ્ર સત્રનું સંચાલન NCUIના ડેપ્યુટી ડિરેક્ટર શ્રી અનુરાગ દ્વારા કરવામાં આવ્યું હતું. આ વેબિનારે સહકારી ક્ષેત્રમાં ટેકનોલોજી સાથે વ્યવસાયિક સંચાલન, મજબૂત સંસ્થાકીય વ્યવસ્થા અને આધુનિક કાર્યપદ્ધતિઓના સંકલન પર વધી રહેલા ભારને ઉજાગર કર્યો હતો.

મંત્રાલયની મોડલ HR... પાના નં. 4નું અનુસંધાન

માટે જિલ્લા કક્ષાની PACS સમિતિ (DLPC)ની મંજૂરી લેવી પડશે.

ભરતી પ્રક્રિયાને વધુ પારદર્શક અને ગુણવત્તા આધારિત બનાવવા માટે લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂની વ્યવસ્થા સૂચવવામાં આવી છે. માન્ય સહકારી ક્ષેત્રની લાયકાત ધરાવતા ઉમેદવારોને વધારાનું વેઇટેજ આપવાની જોગવાઈ પણ છે. ભરતી માટે સ્વતંત્ર એજન્સીઓ અથવા રાજ્ય કક્ષાની ભરતી સંસ્થાઓની મદદ પણ લેવામાં આવી શકશે.

મહેનતાણાની બાબતમાં નીતિમાં ત્રણ મોડલ સૂચવવામાં આવ્યા છે—નક્કી કરાયેલા પગાર ધોરણો, ફિક્સ્ડ કન્સોલિડેટેડ મહેનતાણું અને કામગીરી આધારિત વેરિયેબલ પે. રાજ્યો પોતાની જરૂરિયાત અને પરિસ્થિતિ મુજબ યોગ્ય મોડલ અપનાવી શકશે.

DLPCને મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે. તેમાં સ્ટાફિંગ, ભરતી, તાલીમ, કામગીરીનું મૂલ્યાંકન, સર્વિસ રેકોર્ડ, બદલી, શિસ્ત સંબંધિત બાબતો, ઓડિટ પાલન તથા બિઝનેસ ડેવલપમેન્ટ પ્લાનની દેખરેખનો સમાવેશ થાય છે. જ્યારે સ્ટેટ-લેવલ PACS કમિટી (SLPC) રાજ્ય સ્તરે દેખરેખ રાખશે અને નીતિના પાલનનું મોનિટરિંગ કરશે.

નાણાકીય રીતે મુશ્કેલીમાં હોવા છતાં સક્ષમ અને કાર્યક્ષમ PACSને મદદરૂપ થવા માટે જિલ્લા કક્ષાના PACS Assistance Fundની રચનાની પણ દરખાસ્ત છે. આ ફંડમાંથી બિઝનેસ ડેવલપમેન્ટ પ્લાન અને નાણાકીય સ્થિરતાના નિર્ધારિત માઈલસ્ટોન સાથે જોડાયેલી વ્યાજમુક્ત અથવા સોફ્ટ લોન આપવામાં આવી શકશે.

મોડલ HR પોલિસીમાં કર્મચારી કામગીરીનું મૂલ્યાંકન, પ્રોત્સાહન, કારકિર્દી વિકાસ, કર્મચારી કલ્યાણ, નિવૃત્તિ લાભો અને તાલીમ માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. કર્મચારીઓના સર્વિસ રેકોર્ડને e-PACS પ્લેટફોર્મ મારફતે ડિજિટલ રીતે જાળવવાની વ્યવસ્થા પણ સૂચવવામાં આવી છે.

સહકાર મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ સામાન્ય HR માળખું રાજ્યોને તેમની સ્થાનિક જરૂરિયાતો મુજબ જરૂરી છૂટ આપશે. આ માધ્યમથી ગ્રામ્ય સ્તરની સહકારી સંસ્થાઓમાં વ્યાવસાયિક, ડિજિટલ રીતે સક્ષમ અને નાણાકીય રીતે ટકાઉ માનવબળ ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓ સહકારી... પાના નં. 4નું અનુસંધાન

કેવી રીતે ઉપયોગી થઈ શકું તેવો વિચાર શ્રી ઘનશ્યામભાઈ અમીનને મળીએ ત્યારે આવે છે. આ સ્વસ્તિક મહિલા કૉલેજની દીકરીઓની શાખ અને ગ્રાહક સહકારી મંડળીઓ લિ.ની બનાવવાનો વિચાર શ્રી અમીને આપ્યો હતો. તેમના સતત માર્ગદર્શન અને પ્રેરણાથી આ મંડળી ઊભી કરવામાં આવી છે. મંડળીએ અઢી વર્ષમાં જ 16 લાખ રૂપિયાનો નફો કર્યો છે. તેનો સમગ્ર વહીવટ કોલેજમાં અભ્યાસ કરતી દીકરીઓ દ્વારા કરવામાં આવે છે.

શાબ્દિક સ્વાગત સહકારી શિક્ષણ કન્સલ્ટન્ટ ડૉ. વી.એમ. ચૌધરીએ કર્યું હતું. સમારંભનું સંચાલન માહિતી અધિકારી શ્રી સી.જે. દવેએ કર્યું હતું. સહકારી શિક્ષણ વિભાગ અને ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, અમદાવાદના અધિકારીઓ દ્વારા રાજ્ય સંઘ દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરી અંગે સમજ આપવામાં આવી હતી.

ધી અસલાલી સેવા સહકારી મંડળી લિ.ની 119મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

સહકારથી સમૃદ્ધિના રાષ્ટ્રીય અભિયાનમાં સહકારી મંડળીઓ સક્રિય ભાગીદાર બને: શ્રી ઘનશ્યામભાઈ અમીન

અમદાવાદ : ધી અસલાલી સેવા સહકારી મંડળી લિ., અસલાલીની 119મી વાર્ષિક સાધારણ સભા મંડળીના હોલમાં તારીખ 8 ઓગસ્ટ, 2026ના રોજ પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને પૂર્વ સાંસદશ્રી નરહરિભાઈ અમીનના પ્રમુખસ્થાને યોજાઈ હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય સહકારી આગેવાન, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ તથા ધી અસલાલી સેવા સહકારી મંડળી લિ.ના



ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ અમીન, મંડળીની વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

સભાને સંબોધતા ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ અમીને સભાસદોને 'સહકારથી સમૃદ્ધિ'ના રાષ્ટ્રીય સંકલ્પને સાકાર કરવા તેમાં સક્રિય ભાગીદાર બનવા અપીલ કરી જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવવા માટે 'સહકારથી સમૃદ્ધિ'નું વિઝન આપ્યું છે. સહકારી પ્રવૃત્તિના માધ્યમથી દેશના છેવાડાના નાગરિક સુધી વિકાસના લાભો પહોંચાડી શકાય છે. દેશના સહકારી ક્ષેત્રને વધુ સુદૃઢ અને સક્ષમ બનાવવા માટે 75 વર્ષના લાંબા સમય બાદ કેન્દ્ર સરકાર દ્વારા અલગ સહકાર મંત્રાલયની રચના કરવામાં આવી છે અને તેની જવાબદારી સહકાર ક્ષેત્રના જાણકાર અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહને સોંપવામાં આવી છે. તેમના નેતૃત્વ હેઠળ સહકાર મંત્રાલય દ્વારા સહકારી ક્ષેત્રની વર્ષોથી રહેલી ખામીઓ અને અડચણો દૂર કરી સહકારી સંસ્થાઓને આધુનિક, પારદર્શક અને આર્થિક રીતે સક્ષમ બનાવવાના અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે. તેના પરિણામે દેશના સહકારી ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળી રહ્યું છે. પ્રાથમિક સહકારી મંડળીઓને મલ્ટીપરપઝ



કામગીરી કરવાની સ્વાયત્તતા અને મોડલ બાયલોઝના અમલથી વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ સાથે જોડાવાની નવી તકો ઊભી થઈ છે. આપણી મંડળીએ પણ મોડલ બાયલોઝનો અમલ કરી કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અપનાવેલ છે. અન્ય સહકારી મંડળીઓ પણ આ તકોનો લાભ લઈને સભાસદોની આવકમાં વધારો કરે અને સંસ્થાને વધુ આર્થિક રીતે સદ્ધર બનાવે તે સમયની માંગ છે. આ રાષ્ટ્રીય અભિયાનમાં અસલાલી સેવા સહકારી મંડળીના સભાસદો પણ સક્રિય ભાગીદાર બને તેવી તેમણે હાકલ કરી હતી. વાર્ષિક સાધારણ સભામાં એજન્ડા મુજબની કામગીરી, વાર્ષિક હિસાબો તથા વર્ષ દરમિયાન મંડળી દ્વારા હાથ ધરાયેલી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી આ પ્રસંગે ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતું કે, એનસીડીસી દ્વારા સમગ્ર ગુજરાતમાંથી સહકારી મંડળીઓમાં શ્રેષ્ઠ મંડળીનો એવોર્ડ આપણી મંડળીઓને પ્રાપ્ત થયો છે, જે મંડળીના તમામ સભાસદો, વ્યવસ્થાપક સમિતિ અને કર્મચારીઓના સહિયારા પ્રયાસોનું પરિણામ છે. મંડળી દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી સતત 20 ટકા ડિવિડન્ડ સભાસદોને આપવામાં આવી રહ્યું છે. જે 20 ટકા ડિવિડન્ડ આપતા ગુજરાતની અગ્રેસર મંડળી છે. મંડળીની વર્તમાન આર્થિક સદ્ધતા અને સભાસદોના વિશ્વાસને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં પણ આ પ્રકારનું ઉત્તમ પરિણામ જાળવી રાખવાનો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. સભાસદોના સાથ-સહકાર, પારદર્શક વહીવટ અને સુદૃઢ નાણાકીય વ્યવસ્થાપનના પરિણામે મંડળીએ ઉત્તરોત્તર નફામાં વૃદ્ધિ નોંધાવી છે. ચાલુ વર્ષે મંડળીએ રૂ. 80 લાખથી વધુનો નફો નોંધાવ્યો છે, જે મંડળીની મજબૂત આર્થિક સ્થિતિ દર્શાવે છે.

સભાના અંતે મંડળીના ડાયરેક્ટરશ્રી અજિતભાઈ પટેલે આભારવિધિ કરી હતી. તેમણે ઉપસ્થિત તમામ મહાનુભાવો, સભાસદો, વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા મંડળીના કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

સહકારી ક્ષેત્ર માટે સરકારે લોકસભામાં એનસીડીસી સુધારા ખરડો રજૂ કર્યો

નવી દિલ્હી : સહકારી મંડળીઓને સીધી લોન અને અનુદાન આપવા માટે રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (એનસીડીસી)ના કાર્યક્ષેત્રને વિસ્તૃત કરવા માટે એક બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું.

સહકાર મંત્રાલય હેઠળની એક વૈધાનિક સંસ્થા, એનસીડીસી, 1963માં રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ અધિનિયમ, 1962 હેઠળ સ્થાપિત થઈ હતી.

સહકાર રાજ્ય મંત્રીશ્રી મુરલીધર મોહોલે લોકસભામાં રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (સુધારા)બિલ, 2026 રજૂ કર્યું હતું. એનસીડીસીની મુખ્ય કામગીરીઓ કૃષિ પેદાશો, ખાદ્ય પદાર્થો અને અન્ય સૂચિત ચીજવસ્તુઓના ઉત્પાદન, પ્રક્રિયા, માર્કેટિંગ, સંગ્રહ અને નિકાસ-આયાત માટે આયોજન, પ્રોત્સાહન અને ધિરાણ કાર્યક્રમોની છે.

આ પ્રસ્તાવિત બિલનો ઉદ્દેશ નિગમને સહકારી મંડળીઓ કે અન્ય સહકારી વિકાસ સાથે સંકળાયેલી કંપનીને સીધી લોન અને સબસિડી પ્રદાન કરવા સક્ષમ બનાવવાનો છે. જો કે, તે કોર્પોરેશન દ્વારા જરૂરી સુરક્ષા પૂરી પાડવાને આધીન, બિલના ઉદ્દેશ્યો અને કારણોના નિવેદન મુજબ રહેશે.

કેન્દ્ર સરકારની મંજૂરી સાથે, કોર્પોરેશન કોઈપણ સહકારી સંસ્થાઓ અથવા સહકારી વિકાસમાં રોકાયેલા કોઈપણ કંપનીની શેરમૂડીમાં ભાગ લઈ શકશે. આ બિલ સંસ્થાકીય ચેનલોને વિસ્તૃત કરવાનો પ્રયાસ કરે છે જેના દ્વારા સહાય સહકારી ક્ષેત્ર સુધી પહોંચી શકે છે અને તેને મજબૂત બનાવી શકે છે જ્યારે સહકારી મંડળીઓ પ્રાથમિક લાભાર્થીઓ રહેશે.

નિવેદન અનુસાર, વૈધાનિક સંસ્થાઓ,



રાજ્ય સરકારી એજન્સીઓ અને અન્ય વિશિષ્ટ સંસ્થાઓ સહકારી મંડળીઓના વિકાસ માટે માળખાગત સુવિધાઓ, ટેકનોલોજી, પ્રક્રિયા, માર્કેટિંગ, નાણાકીય અને અન્ય સેવાઓ પૂરી પાડવામાં વધુને વધુ રોકાયેલા છે. આવી સંસ્થાઓ સહકારી મંડળીઓ તરીકે નોંધાયેલી ન હોવાથી, કોર્પોરેશન હાલમાં તેમને સીધા નાણાં પૂરા પાડી શકતું નથી, ભલે તેમની પ્રવૃત્તિઓ સહકારી ક્ષેત્રને લાભ આપવાનો હેતુ હોય.

પરિણામે, આવા પ્રસ્તાવોને રાજ્ય સરકારો અથવા સહકારી મંડળીઓ દ્વારા મોકલવાની જરૂર છે, જેના પરિણામે પ્રક્રિયાગત વિલંબ થાય છે અને મર્યાદિત વપરાશ થાય છે. અન્ય ફેરફારો ઉપરાંત, બિલ ખાદ્ય પદાર્થોની વ્યાખ્યાને વિસ્તૃત કરવાનો પ્રસ્તાવ મૂકે છે જેથી કેન્દ્ર દ્વારા સૂચિત કોઈપણ અન્ય ખાદ્ય પદાર્થોનો સમાવેશ થાય.

ઔદ્યોગિક માલ પર લાગુ ભૌગોલિક પ્રતિબંધ દૂર કરવાનો પ્રસ્તાવ છે. આનાથી આવી પ્રવૃત્તિઓ માટે તેમના સ્થાનને ધ્યાનમાં લીધા વિના સહાય શક્ય બનશે. તે એનસીડીસીને તેના કાર્યોને અસરકારક રીતે નિભાવવા માટે જરૂરી વધારાની સત્તાઓનો પણ પ્રસ્તાવ રજૂ કરે છે.

ખેડા જિલ્લા સહકારી સંઘની 78મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

નડીયાદ : ખેડા જિલ્લા સહકારી સંઘની તારીખ 18-08-2026 ને મંગળવારના રોજ સવારે 11:00 કલાકે શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર નડિયાદ ખાતે 380 જેટલા મંડળી સભાસદોની હાજરીમાં 78મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ. સભાની શરૂઆત સંઘના મ.સી.ઈ. આઈ. બીજલબેન અને હર્ષાબેન દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ખેડા જિલ્લા સહકારી સંઘના માનદ મંત્રીશ્રી અર્જુનસિંહ જે. વાઘેલા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું.



સંઘના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ બી. પટેલે વાર્ષિક અહેવાલમાં નોંધાયેલ એજન્ડા મુજબ વિવિધ કામકાજની કાર્યવાહી ધરી હતી.

સંઘના ઈન્ચાર્જ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભરતભાઈ એસ. સોલંકી દ્વારા સભાની કાર્યવાહીનું વાંચન કરવામાં આવ્યું હતું.

સભાને સંબોધતા સંઘના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ બી. પટેલે જણાવ્યું હતું કે, "એકતા, સહકાર અને પરસ્પર વિશ્વાસ એ સહકારી પ્રવૃત્તિનો મૂળ આધાર છે." સહકારી મંડળીઓના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો, પશુપાલકો અને સામાન્ય સભાસદોના આર્થિક તથા સામાજિક વિકાસને વેગ મળે છે.

સભાસદોને સંબોધતા તેમણે સહકારી સંસ્થાઓમાં એકતા, પાદર્શિતા, જવાબદારી અને વિશ્વાસ જાળવવા પર ભાર મૂકી તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મહિલાઓ અને યુવાનોની સહકારી પ્રવૃત્તિમાં ભાગીદારી વધારવી આજના સમયની

કોડિનાર નાગરિક સહકારી બેંકનો ૩.2.71 કરોડનો નફો

કોડિનાર: કોડિનાર નાગરિક સહકારી બેંક લિ.ની 75મી વાર્ષિક સાધારણ સભા બેંકના ચેરમેનશ્રી ગિરીશભાઈ અધ્યારૂના અધ્યક્ષસ્થાને મળી હતી. ગત વર્ષ દરમિયાન અવસાન પામેલા તમામ સભાસદો અને શહીદ જવાનોને અંજલિ અર્પણ કરવામાં આવી હતી. બેંકની વર્ષાન્તે ડિપોઝિટ રૂા. 137,40,01,409.85 તથા ધિરાણો રૂા. 112, 55, 76, 672.93નું હોવાનું તેમજ બેંકનો નેટ નફો રૂા. 2,71,72,294.12 હોવાનું જણાવાયું હતું. સંચાલન જનરલ મેનેજર બિપીનભાઈ જાનીએ કર્યુ હતું. બેંકના આસિસ્ટન્ટ જનરલ મેનેજર સોરઠીયાભાઈએ ઓડિટેડ નાણાકીય પત્રકો વંચાણમાં લીધા.

સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની સાધારણ સભા મળી

સાવરકુંડલા : સાવરકુંડલા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘની 73મી વાર્ષિક સાધારણ સભા સંઘના પ્રમુખ દીપકભાઈ માલાણીના અધ્યક્ષ સ્થાને સ્વામીશ્રી રામાનંદ આશ્રમ વડલી મંદિર ખાતે યોજાઈ હતી. જેમાં સંઘના સભાસદો, સહકારી મંડળીઓના પ્રમુખ અને મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ દીપકભાઈ માલાણીએ દીપ પ્રાગટ્ય કરી એજન્ડા મુજબના 1થી 10ના કામો સામાન્ય સભામાં સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ કૃષક ભારતી કો-ઓપરેટિવ આયોજિત પી.એમ.પ્રણામ કિસાન સંગોષ્ઠી અંતર્ગત ફાર્મર ગ્રૂપ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ક્રિભકોના એરિયા મેનેજર રાકેશભાઈ બાંભરોળિયા અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ જિલ્લા સહકારી સંઘ લિ. દ્વારા યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાયો

આણંદ: ગુજરાત રાજ્ય સહકારી સંઘની શિક્ષણ અને તાલીમની કામગીરીના ભાગરૂપે આણંદ જિલ્લા સહકારી સંઘ આણંદ દ્વારા આણંદ કોમર્સ કોલેજ આણંદમાં યુવા સહકારી શિક્ષણ વર્ગનો પૂર્ણાહુતિ કાર્યક્રમ કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડો. પી. એમ. વનારના અધ્યક્ષપણા હેઠળ યોજાયો.

સદર કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓને જોડાવાની આપીલ કરી કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડો. વી. એમ. વનારાએ સહકારી પ્રવૃત્તિ એટલે શું, સહકારી પ્રવૃત્તિ દ્વારા નાના-નાના એકમો કેવું વિશાળ સ્વરૂપ ધારણ કરે છે તે સમજાવતા લિજ્જત પાપડ, અમૂલ (ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ), ઈફ્કો, કૃભકો, સહકારી બેન્કો વિશે, આણંદમાં ચાલતી વિવિધ પ્રકારની સહકારી સંસ્થાઓ વિશે વિસ્તૃતમાં જણાવી આવા પ્રકારની સહકારી મંડળીઓ ઊભી કરી રોજગારી મેળવવા જણાવ્યું.



સદર કાર્યક્રમમાં કોલેજના પ્રાધ્યાપકશ્રી તુકારામ ચૌધરીએ સહકારી મંડળીનું વ્યવસ્થા તંત્ર વ્યવસ્થા તથા વહીવટનો સામાન્ય ખ્યાલ આપી, યુવકો અને વિદ્યાર્થીઓએ પોતાના મંતવ્યો રજુ કરતાં જણાવ્યું કે, સહકારી શિક્ષણ એ જીવનમાં કેટલું ઉપયોગી છે અને સહકાર દ્વારા સમાજ અને પોતાનો વિકાસ કેવી રીતે કરી શકાય. સદર કાર્યક્રમનું સફળ સંચાલન આણંદ જિલ્લા સહકારી સંઘના મહિલા સી.ઈ.આઈ. શ્રી પિન્ટુબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું. તાલીમના ભાગરૂપે તાલીમાર્થી એને આણંદની અમૂલ ડેરીની મુલાકાત કરાવી. કાર્યક્રમમાં 51 જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ માર્ગદર્શન મેળવ્યું હતું.

સિમલિયા, તા. ધોધંબા તથા શહેરા મુકામે યુવક સહકારી શિક્ષણ તાલીમવર્ગ યોજાયો

ધોધંબા : ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના અનુસાર પંચમહાલ જિલ્લા સહકારી સંઘ, ગોધરાના ઉપક્રમે શ્રી એસ.પી.પટેલ આર્ટસ કોલેજ, સિમલિયા તા.ધોધંબા મુકામે તા.27/07/2026 થી તા.01/08/2026 સુધી 06 દિવસની મુદતનો યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગ યોજવામાં આવ્યો હતો. જેનો તા.01/08/2026 ના રોજ સમાપન સમારોહ રાખવામાં આવેલ હતો. જેમાં પંચમહાલ જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ અમીન તથા કોલેજ ના પ્રિન્સિપાલશ્રી ડૉ. ડી.આર. અમીન તથા પ્રાધ્યાપકશ્રી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મંચ પર ઉપસ્થિત તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કોલેજના કો-ઓર્ડિનેટર શ્રી ડૉ. હરિપ્રસાદ કામોલ દ્વારા કરવામાં આવ્યું. તથા તમામ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચન કોલેજના પ્રિન્સિપાલ શ્રી ડૉ. ડી.આર.અમીને કર્યું હતું. પંચમહાલ જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રીમતી પારૂલબેન ડી. સોલંકીએ સહકારી પ્રવૃતિઓ અને સ્વ-રોજગારીની તક વિગેરે વિશે માહિતી માર્ગદર્શન આપ્યું હતું.

તેજ રીતે શ્રી સરકારી વિનયન કોલેજ, શેહરા મુકામે યુવક સહકારી શિક્ષણ વર્ગ તા.શેહરા મુકામે તારીખ



20/07/2026 થી તારીખ 25/07/2026 સુધી 06 દિવસની મુદતનો યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગ યોજવામાં આવ્યો હતો. જેનો તા.25/07/2026 ના રોજ સમાપન સમારોહ રાખવામાં આવેલ હતો. જેમાં પંચમહાલ જિલ્લા સહકારી સંઘ ના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રીમતી પારૂલબેન ડી. સોલંકી તથા કોલેજ ના પ્રિન્સિપાલશ્રી ડૉ. જયશ્રીબેન જોષી તથા પ્રાધ્યાપકશ્રી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મંચ પર ઉપસ્થિત તમામ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કોલેજના પ્રોફેસરશ્રી ડૉ.નરેન્દ્રભાઇ બારીઆ દ્વારા કરવામાં આવ્યું.

વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ પ્રતિભાવ આપ્યા હતા. આ બંને વર્ગનું સફળ સંચાલન સંઘના સી.ઈ.આઈ. શ્રી દેવેન્દ્રસિંહ સોલંકી તથા મ.સી.ઈ.આઈ. શ્રી કલ્પુબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું,

આંતર-મંત્રાલયે... પાના નં. 4નું અનુસંધાન

સરકારી કચેરીઓ અને એજન્સીઓના ધક્કા ખાવાની જરૂરિયાત ઘટશે. સાથે સાથે સહકારી મંડળીઓ માટે નવી વ્યવસાયિક તકો ઊભી થશે અને તેમની આવકના નવા સ્રોતો વિકસશે. પ્રસ્તાવિત મંત્રાલયની મોડલ HR નીતિ સંકલનમાં અનેક મહત્વપૂર્ણ ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં ખાદ્ય વિતરણ, ખાદ્ય પ્રક્રિયા, કૃષિ અને ખેડૂત કલ્યાણ, ખાતર, પંચાયતી રાજ, ગ્રાહક બાબતો, કૃષિ સંશોધન અને શિક્ષણ, ગ્રામ વિકાસ, મત્સ્યોદ્યોગ, પશુપાલન તથા જમીન સંસાધનો જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

આ બેઠકમાં સહકાર મંત્રાલયના એડિશનલ સેક્રેટરી શ્રી સિદ્ધાર્થ જૈન ઉપરાંત સંબંધિત વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

સરકાર દ્વારા PACSના કમ્પ્યુટરાઇઝેશન, ડિજિટલ સેવાઓ અને નવી આર્થિક પ્રવૃત્તિઓના વિકાસ માટે હાથ ધરાયેલા વ્યાપક પ્રયાસોની પૃષ્ઠભૂમિમાં 'વન સ્ટોપ શોપ' પહેલનું વિશેષ મહત્વ છે. અનેક સરકારી યોજનાઓ અને સેવાઓને એક જ સહકારી પ્લેટફોર્મ સાથે જોડવાથી PACS ગ્રામ્ય ભારતમાં છેવાડાના સ્તરે સેવાઓ પહોંચાડવાનું સશક્ત માધ્યમ બની શકે છે.

આ પહેલ સહકાર મંત્રાલયના વ્યાપક 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનને પણ વધુ મજબૂત બનાવે છે. આ વિઝન અંતર્ગત સહકારી સંસ્થાઓને સર્વસમાવેશક ગ્રામ્ય વિકાસ અને આર્થિક સશક્તીકરણના મહત્વપૂર્ણ એન્જિન તરીકે વિકસાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જો પાયલોટ પ્રોજેક્ટ સફળ રહેશે, તો દેશભરમાં ફેલાયેલું PACSનું વિશાળ નેટવર્ક ધિરાણ, સરકારી સેવાઓ, ટેક્નોલોજી, તાલીમ અને બજાર સુધી પહોંચ—આ તમામને એક જ સ્થળે ઉપલબ્ધ કરાવતું દેશનું સૌથી વ્યાપક ગ્રામ્ય સેવા-વિતરણ તંત્ર બનશે.

